# <u>નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજીમાં  પ્રવેશ તથા તેના વિવિધ અભ્યાસક્રમો સંબંધિત મહત્વની વિગતો</u>

***અ..  પ્રવેશ સંબંધીત માહિતી.***

૧. શું નીફ્ટ ધ્વારા આપવામાં આવતી પદવીની માન્યતા પુરા વિશ્વમાં છે?

હા

૨. નીફ્ટ પ્રવેશ પરિક્ષા માટે હું કેટલા પ્રયત્નો કરી શકું ?

આ બાબતે કોઈ મર્યાદા બાંધવામાં આવી નથી.

૩. પ્રવેશ માટે મહત્તમ કે લઘુત્તમ આયુ મર્યાદા નકકી કરવામાં આવેલ છે?

સ્નાતક અભ્યાસક્રમ માટે જે વર્ષમાં જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે તે વર્ષની  ૧નવેમ્બરની સ્થિતિએ મહત્તમ ૨૩ વર્ષની ઉંમર હોવી જોઈએ.

૪. અભ્યાસક્રમ માટે નાણાંકીય મદદ કઈ રીતે ઉપલબ્ધ છે ?

નાણાંકીય મદદની વિગતો નીચે મુજબ છે...

| અ.નં. | પિતાની આવક (વાર્ષિક) | નાણાંકીય મદદ (ટકાવારીમાં) | ટયુશન ફી ની રકમ. |
|---|---|---|---|
| ૧. | રૂા. ૧ લાખ સુધી | ૭૫ % | રૂા. ૧૦,૦૦૦ |
| ૨. | રૂા. ૧ લાખ થી ૨ લાખ સુધી | ૫૦ % | રૂા. ૨૦,૦૦૦ |
| ૩. | રૂા. ૩ લાખ સુધી | ૨૫ % | રૂા. ૩૦,૦૦૦ |

સંસ્થાના નિયમોને ધ્યાનમાં લઈને વિદ્યાર્થીઓ  ધ્વારા નીફ્ટ વેબ સાઈટ ઉપરથી ડાઉનલોર્ડ કરાયેલ ફોર્મમાં રજૂ કરેલ વિગતો ને આધારેઅને અન્ય ચકાસણી પછી નાણાંકીય મદદ કરવામાં આવે છે.

વધૂ માહિતી **http://www.nift.ac.in/scholarship.html** ઉપરથી મળશે.

૫. પ્રવેશ પસંદગીની યાદી વિશે કેવીરીતે માહિતી મેળવી શકાય ?

છેવટના ધોરણે પસંદ થયેલ વિદ્યાર્થીઓની યાદી તેમને આપવામાં આવેલ માર્કના ધોરણે પ્રસિધ્ધ કરવામાં આવે છે અને વિદ્યાર્થીઓને પરામર્શ માટે તેમણે મેળવેલ માર્કના ધોરણે બોલાવવામાં આવે છે.

૬. પરામર્શ માટેની પધ્ધતિ શું છે ?

પસંદગી બાદ વિદ્યાર્થીઓને તેમણે મેળવેલ માર્કના ધોરણે પસંદગીના કોર્સ (ડીઝાઈન કોર્સ અંગે) અને કેન્દ્રની પસંદગી માટે પરામર્શ કરવામાં આવે છે.

૭. શું અમે ધોરણ–૧૨ ના ગુણપત્રક રજૂ કર્યા વગર પવેશ માટેની અરજી કરી શકીએ ?

નીફ્ટ પ્રવેશ પરિક્ષા માટે અરજી કરનાર વિદ્યાર્થીઓ ધ્વારા પ્રવેશ પરિક્ષા માટે આવશ્યક બધાજ યોગ્યતા માપદંડ પુરા કરવાના રહેશે. વિદ્યાર્થીઓની પ્રવેશ પરિક્ષાના તમામ તબકકાઓ જેવા કે લેખીત પરિક્ષા, સિચ્યુએશન ટેસ્ટ, ગૃપ ચર્ચા અને વ્યકિતગત ઈન્ટરવ્યુ (લાગુ પડતું હોય તે મુજબ) સંપૂર્ણપણે પ્રાયોગિક રીતે અને વિદ્યાર્થીઓ ધ્વારા નિદિષ્ટ યોગ્યતા માપદંડ પૂર્ણ કરવામાં આવે તે અંગે ધ્યાન રાખવામાં આવશે. આ તબકકાઓ દરમ્યાન કોઈપણ સમયે જો એવું માલુમ પડશે કે, વિદ્યાર્થીઓ ધ્વારા મૂળભૂત શરતોનો ભંગ કરવામાં આવેલ છે તો કોઈપણ નોટીસ આપ્યા વગર તેમની પરિક્ષાઓ રદ ગણવામાં આવશે.

૮.	વિદ્યાર્થીઓનું અભ્યાસક્રમ ધ્વારા કઈ રીતે મૂલ્યાંકન કરવામાં આવે છે?

સેમીસ્ટર પધ્ધતિના અભ્યાસક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓનું સતત મૂલ્યાંકન કરવામાં આવે છે. આ માટે એસાઈનમેન્ટ, પ્રોજેકટ, ઈન્ટર્ન શીપ અને પ્રેઝન્ટેશનમાં વિદ્યાર્થીઓ ધ્વારા કરવામાં આવેલ કામગીરી નો આધાર લેવામાં આવે છે. શિક્ષણવિદ્દો અને ઔદ્યોગિક તજજ્ઞો ધ્વારા વિદ્યાર્થીઓની કામગીરી અને કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આ અંગેનો હેતુ વિદ્યાર્થીઓની કાર્યક્ષમતાને કડકાઈથી ચકાસીને તેમને તજજ્ઞ બને તે રીતે તેમનો વિકાસ કરવાનો છે.

૯.	વિદ્યાર્થીઓને કેમ્પસમાં સેવાઓના રૂપમાં કઈ સવલતો આપવામાં આવે છે ?

વિદ્યાર્થીઓને લાયબ્રેરી (રીસોર્સ સેન્ટર), છાત્રાલય, ભોજનાલય, રમત–ગમત સંકુલ, દાકતરી સવલત, ઈન્ટરનેટ સુવિધા, પરિવહન સવલત વિગેરે સેવાઓ પુરી પાડવામાં આવે છે. ચોકકસ કેન્દ્ર માટે સેવા અંગેની જાણકારી વેબસાઈટ ઉપરથી ઉપલબ્ધ છે.

૧૦.	પ્રવેશ પરિક્ષાની પધ્ધતિ શું છે ?

| *સ્નાતક કક્ષા* | *પરિક્ષા* | *ભારાંક* |
|---|---|---|
| ડિઝાઈન | ગેટ (જનરલ એબીલીટી ટેસ્ટ)<br>કેટ (જનરલ એબીલીટી ટેસ્ટ)<br>સીચ્યુએશન ટેસ્ટ | ૪૦%<br>૪૦%<br>૨૦% |
| એપેરેલ પ્રોડકશન | ગેટ (જનરલ એબીલીટી ટેસ્ટ)<br>મેટ(મેનેજરીયલ એબીલીટી ટેસ્ટ) | ૬૦%<br>૪૦% |
| *અનુસ્નાતક કક્ષા* | *પરિક્ષા* | *ભારાંક* |
| ડિઝાઈન | ગેટ (જનરલ એબીલીટી ટેસ્ટ)<br>કેટ (જનરલ એબીલીટી | ૪૦%<br>૪૦% |

| | | |
|---|---|---|
| | ટેસ્ટ)<br>જી.ડી. (ગ્રૃપ ડીસ્કશન)<br>ઈન્ટરવ્યુ | <br>૧૦%<br>૧૦% |
| મેનેજમેન્ટ | ગેટ (જનરલ એબીલીટી ટેસ્ટ)<br>મેટ (મેનેજરીયલ એબીલીટી ટેસ્ટ)<br>જી.ડી. (ગ્રૃપ ડીસ્કશન)<br>ઈન્ટરવ્યુ | ૪૦%<br>૪૦%<br>૧૦%<br>૧૦% |
| ટેકનોલોજી | ગેટ (જનરલ એબીલીટી ટેસ્ટ)<br>મેટ (મેનેજરીયલ એબીલીટી ટેસ્ટ)<br>જી.ડી. (ગ્રૃપ ડીસ્કશન)<br>ઈન્ટરવ્યુ | ૪૦%<br>૪૦%<br>૧૦%<br>૧૦% |

૧૧. શું એક થી વધૂ વખત અરજી કરી શકું ?

હા

૧૨. નીફટ કેટલા કેન્દ્રો ખાતે કાર્યરત છે ?

નીફટ હાલમાં ભારતમાં ૧૩ કેન્દ્રો ખાતે અને વિદેશમાં ૧ (એક) કેન્દ્ર ખાતે કાર્યરત છે. ભારતમાં આ કેન્દ્રો બેંગ્લોર, કલકત્તા, ભોપાલ, મુંબઈ, ચેન્નાઈ, નવી દિલ્હી, ગાંધીનગર, પટણા, હૈદરાબાદ, રાયબરેલી, કાંગરા, સિલોંગ અને કન્નુર ખાતે કાર્યરત છે. વિદેશમાં મોરેશીયસ ખાતે આ કેન્દ્ર કાર્યરત છે.

વધૂ વિગતો **http://www.nift.ac.in/centers.html**

૧૩. નીફટ ધ્વારા કયા વિવિધ પ્રકારના અભ્યાસક્રમો તૈયાર કરવામાં આવેલ છે ?

નીફટ ધ્વારા ડીઝાઈન ક્ષેત્રમાં સ્નાતક કક્ષાએ બી.ડેસ. (ફેશન ડીઝાઈન), બી.ડેસ. (લેધર ડીઝાઈન), બી.ડેસ. (એક્ષેસરી ડિઝાઈન), બી.ડેસ. (ટેક્ષટાઈલ ડિઝાઈન), બી.ડેસ. (નીટવેર

ડિઝાઈન), બી.ડેસ. (ફેશન કોમ્યુનીકેશન) અનેઅનુસ્નાતક કક્ષાએ એમ.ડેસ. (માસ્ટર ઓફ ડીઝાઈન) ના અભ્યાસક્રમો છે.

નીફટ ધ્વારા ટેકનોલોજી ક્ષેત્રમાં સ્નાતક કક્ષાએ બી.એફ.ટેક. (એપેરેલ પ્રોડકશન) ટેકનોલોજી અને અનુસ્નાતક કક્ષાએ અને એમ.એફ. ટેક. (માસ્ટર ઓફ ફેશન ટેકનોલોજી) અભ્યાસક્રમો બહાર પાડવામાં આવેલ છે.

નીફટ ધ્વારા પ્રબંધન ક્ષેત્રમાં અનુસ્નાતક કક્ષાનો એમ.એફ.એમ. (માસ્ટર ઓફ ફેશન મેનેજમેન્ટ) નો અભ્યાસક્રમો બહાર પાડવામાં આવેલ છે.

વધૂવિગતો **http://www.nift.ac.in/regularbachelor.html** ખાતેથી ઉપલબ્ધ છે.

૧૪. પ્રવેશ પ્રક્રિયાનો સામાન્ય કાર્યક્રમ શું છે ?

સામાન્ય રીતે પ્રવેશ અંગેનો કાર્યક્રમ નીચે મુજબ રાખવામાં આવે છે.

| | |
|---|---|
| પ્રવેશ જાહેરાત | નવેમ્બર |
| અરજીપત્ર ની ઉપલબ્ધી | નવેમ્બર અને ડીસેમ્બર |
| લેખીત પ્રવેશ પરિક્ષા | ફેબ્રુઆરીનું પ્રથમ અઠવાડિયુ |
| લેખીત પરિક્ષાનું પરિણામ | માર્ચ નો મઘ્યગાળો |
| સીચ્યુએશન ટેસ્ટ / ગ્રુપ ડીસ્કશન/ ઈન્ટરવ્યુ | એપ્રિલ–મે |
| આખરી પરિણામની જાહેરાત | મે માસનો અંત સમય |

## ૧૫. કયા કેન્દ્રો ખાતે કયા અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે ?

| | એફ.ડી. | એલ.ડી. | એ.ડી. | ટી.ડી. | કે.ડી. | એફ.સી. | એ.પી. | એમ.ડી. | એમ.એફ.એમ. | એમ.એફ.ટી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બેંગ્લોર | ● | | ● | ● | ● | ● | ● | | ● | ● |
| ભોપાલ | | | ● | ● | | | | | | |
| ચેન્નાઈ | ● | | ● | ● | ● | | ● | | ● | |
| ગાંધીનગર | ● | | ● | ● | | | ● | | ● | ● |
| હૈદ્રાબાદ | ● | | ● | ● | ● | ● | ● | | ● | |
| કન્નુર | | | | ● | | | ● | | | |
| કલકત્તા | ● | ● | | ● | ● | | ● | | ● | |
| મુંબઈ | ● | | | ● | ● | ● | ● | ● | ● | ● |
| નવી દિલ્હી | ● | ● | ● | ● | ● | ● | ● | ● | ● | ● |
| પટના | ● | | | | | | | | ● | |
| રાયબરેલી | ● | | ● | | | | | | | |
| કાંગરા | o | | o | o | | o | o | | | |
| સિલોંગ | ● | | ● | | | | | | | |

કેન્દ્ર દીઠ અભ્યાસક્રમની વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| એફ.ડી. | (બી.ડેશ.), ફેશન ડીઝાઈન |
| એલ.ડી. | લેધર ડીઝાઈન |
| એ.ડી. | એક્ષેસરી ડીઝાઈન<br>પર્સનલ એન્ડ ઈન્ટીરીયલ એક્ષેસરીઝ નવી દિલ્હી અને ભોપાલ ખાતે.<br>કોર્પોરેટ એન્ડ બીઝનેસ એક્ષેસરીઝ બેંગ્લોર ખાતે.<br>ફૂટવેર એન્ડ લેધરગુડઝ ચેન્નાઈ ખાતે. |

| | |
|---|---|
| | જવેલેરી એન્ડ પ્રેસીયર્સ પ્રોડકસ ગાંધીનગર ખાતે.<br>ઈન્ટરીયર પ્રોડકસ એન્ડ હેન્ડીક્રાફટેડ એક્ષેસરીઝ હૈદરાબાદ અને સિલોંગ ખાતે.<br>હોમ એન્ડ ફેશન એક્ષેસરીઝ રાયબરેલી ખાતે. |
| ટી.ડી. | ટેક્ષટાઈલ ડીઝાઈન |
| કે.ડી. | નીટવેર ડીઝાઈન |
| એફ.સી. | ફેશન કોમ્યુનીકેશન |
| એ.પી. | બેચલર પ્રોગ્રામ (બી.એફ ટેક.) એપેરેલ પ્રોડકશન. |
| એમ.ડી. | માસ્ટર પ્રોગ્રામ – એમ.ડેશ. (ડીઝાઈન સ્પેશ) |
| એમ.એફ.એમ. | માસ્ટર ઓફ ફેશન મેનેજમેન્ટ |
| એમ.એફ.ટી. | એમ.એફ ટેક. (ફેશન ટેકનોલોજી) |

વધૂ વિગતો **http://www.nift.ac.in/seats.html** ખાતેથી ઉપલબ્ધ છે.

૧૬. હાલમાં નીફટની ફી નું માળખું શું છે ?

વિસ્તૃત વિગતો માટે...

**http://www.nift.ac.in/feestructure.html** ની મુલાકાત લેવા વિનંતી છે.

૧૭. નીફટ ધ્વારા પૂર્ણ સમયના અભ્યાસક્રમો સિવાયના અન્ય કોઈ અભ્યાસક્રમો તૈયાર કરવામાં આવ્યા છે ?

નીફટ ધ્વારા વિદ્દવાન શિક્ષણવિદ્દો તથા ઔદ્યોગિક ક્ષેત્રના તજજ્ઞોના પરામર્શમાં સંખ્યાબંધ અંશકાલિન સમયના શૈક્ષણિક અભ્યાસક્રમો તૈયાર કરવામાં આવ્યા છે. આ અભ્યાસક્રમો ઔદ્યોગિક ક્ષેત્રની જરૂરીયાતો સંતોષી શકે તે રીતે વિચાર પૂર્વક તૈયાર કરવામાં આવ્યા છે અને દરેકના ભવિષ્ય ઉપર હકારાત્મક અસરો ઉભી કરે અને વ્યકિતગત વિકાસ થાય તે રીતે અભ્યાસક્રમો તૈયાર કરાયેલ છે.

અંશકાલિન સમયના સી.ઈ. સર્ટીફિકેટ પ્રોગ્રામનું ધ્યેય વિધિવતના તાંત્રિક શિક્ષણની સાથે ઉદ્યોગોમાં, વ્યવહારમાં ઉપયોગમાં આવે તે રીતે તૈયાર કરવામાં આવેલ છે. આ અભ્યાસક્રમના ફેરફાર થઈ શકે તેવાં સમયપત્રકને કારણે પોતાની ધંધાકીય કામગીરીને અસર ન થાય તે રીતે તૈયાર કરવામાં આવ્યા છે. વ્યવહારીક રીતે ઉપયોગમાં આવે તે રીતે અભ્યાસક્રમો તૈયાર કરવામાં આવેલ છે. આ અભ્યાસક્રમ ને અંતે નીફટ ધ્વારા તૈયાર કરવામાં આવેલ વિશેષ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

વિસ્તૃત વિગતો માટે...

**http://www.nift.ac.in/ce.html** ની મુલાકાત લેવા વિનંતી છે.

૧૮. નીફટના વિવિધ અભ્યાસક્રમોમાં લાયકાતના ધોરણો શું છે ?

<u>સ્નાતક અભ્યાસક્રમ – ડીઝાઈન નું લાયકાતનું ધોરણ :</u>

| |
|---|
| ***બી. ડેશ. (ફેશન ડીઝાઈન / લેધર ડીઝાઈન /એક્ષેસરીઝ ડીઝાઈન/ ટેક્ષટાઈલ ડીઝાઈન/નીટવેર ડીઝાઈન/ફેશન કોમ્યુનીકશેન)*** |

- ૧૦ + ૨ પધ્ધતિની પરિક્ષામાં કોઈપણ માન્ય કેન્દ્રીય / રાજય માધ્યમિક બોર્ડ પરિક્ષા જેવી કે, માધ્યમિક પરિક્ષાનું કેન્દ્રીય બોર્ડ, નવી દિલ્હી અને ઈન્ડિયન સ્કૂલ ઓફ સર્ટિફિકેટ પરિક્ષાની કાઉન્શીલ નવી દિલ્હી અથવા...
- જનરલ સર્ટિફિકેટ એજયુકેશન એકઝામીનેશન (જી.સી.ઈ.) ની ઉચ્ચ પરિક્ષા (લંડન / કેમ્બ્રીજ / શ્રીલંકા) અથવા...
- કોઈપણ પબ્લીક સ્કૂલ / બોર્ડ / યુનિવર્સિટી ની ભારતમાં અથવા વિદેશમાં કે જે ભારતીય યુનિવર્સિટી સંગઠન ધ્વારા માન્યતા પ્રાપ્ત કરવામાં આવી હોય અથવા ૧૦ + ૨ પધ્ધતિ સમકક્ષ હોય અથવા...

- નેશનલ ઓપન સ્કૂલ ધ્વારા લેવામાં આવતી સીનીયર સેકન્ડરી સ્કૂલ એકઝામીનેશન માં ઓછા માં ઓછા પાંચ વિષયોમાં પાસ ગ્રેડ મેળવેલ હોય અથવા ...
- એ.આઈ.સી.ટી.ઈ. અથવા રાજય ટેકનીકલ બોર્ડ ધ્વારા માન્ય કરાયેલ ૩ / ૪ વર્ષના ડીપ્લોમાં કોર્સ કરવામાં આવેલ હોય. લ
હ
ો
ય
.

*સ્નાતક અભ્યાસક્રમ – ટેકનોલોજી :*
*બી. એબ ટેક. (એપેરેલ પ્રોડકશન) :*

- ૧૦ + ૨ પધ્ધતિની પરિક્ષામાં કોઈપણ માન્ય કેન્દ્રીય / રાજય માધ્યમિક બોર્ડ પરિક્ષા જેવી કે, માધ્યમિક પરિક્ષાનું કેન્દ્રીય બોર્ડ, નવી દિલ્હી અને ઈન્ડિયન સ્કૂલ ઓફ સર્ટિફિકેટ પરિક્ષાની કાઉન્શીલ નવી દિલ્હી (ફીઝીકસ, કેમેસ્ટ્રી અને ગણિત સહિત) અથવા...
- જનરલ સર્ટિફિકેટ એજયુકેશન એકઝામીનેશન (જી.સી.ઈ.) ની ઉચ્ચ પરિક્ષા (લંડન / કેમ્બ્રીજ / શ્રીલંકા) (ફીઝીકસ, કેમેસ્ટ્રી અને ગણિત સહિત) અથવા...
- કોઈપણ પબ્લીક સ્કૂલ / બોર્ડ / યુનિવર્સિટી ની ભારતમાં અથવા વિદેશમાં કે જે ભારતીય યુનિવર્સિટી સંગઠન ધ્વારા માન્યતા પ્રાપ્ત કરવામાં આવી હોય અથવા ૧૦ + ૨ પધ્ધતિ સમકક્ષ હોય (ફીઝીકસ, કેમેસ્ટ્રી અને ગણિત સહિત) અથવા...
- નેશનલ ઓપન સ્કૂલ ધ્વારા લેવામાં આવતી સીનીયર સેકન્ડરી સ્કૂલ એકઝામીનેશન માં ઓછા માં ઓછા પાંચ વિષયોમાં પાસ ગ્રેડ મેળવેલ હોય (ફીઝીકસ, કેમેસ્ટ્રી અને ગણિત સહિત) અથવા ...
- એ.આઈ.સી.ટી.ઈ. અથવા રાજય ટેકનીકલ બોર્ડ ધ્વારા માન્ય કરાયેલ ૩ / ૪ વર્ષના ડીપ્લોમાં કોર્સ કરવામાં આવેલ હોય. (એન્જીનીયરીગ બેકગ્રાઉન્ડ) (ઉમેદવાર ફીઝીકસ, કેમેસ્ટ્રી અને ગણિતમાં પાસ હોવો જરૂરી છે.)

સ્નાતક અભ્યાસક્રમ માટે અરજી કરનાર ઉમેદવારની મહત્તમ ઉંમર ૧ લી નવેમ્બરના રોજ ૨૩ વર્ષથી વધૂ હોવી જોઈએ નહી.

***અનુસ્નાતક અભ્યાસક્રમ માટેની લાયકાત – ડીઝાઈન :***
***એમ.ડેષ. (માસ્ટર ઓફ ડીઝાઈન) :***

- માન્ય યુનિવર્સિટીની કોઈપણ વિદ્યાશાખાની સ્નાતક પદવી * અથવા...
- એપ્લાઈડ આર્ટસ ની સ્નાતક પદવી (ફેશન ડીઝાઈન / વીઝયુલ કોમ્યુનીકેશન / ગ્રાફીક ડીઝાઈન / ઈન્ડસ્ટીયલ ડીઝાઈન / ઈન્ટીરીયર ડીઝાઈન / મલ્ટીમીડીયા ડીઝાઈન / પ્રોડકટ ડીઝાઈન / ટેક્ષટાઈલ્સ એન્ડ એકસસરીઝ અથવા...
- બી.એ. (ફાઈન આર્ટસ) અથવા બી.એસ.સી. (ટેક્ષટાઈલ્સ એન્ડ કલોધીંગ) અથવા...
- બી.આર્ચ. અથવા...
- ફકત ડીઝાઈન ડીપ્લોમાં / નીફટની ડીગ્રી / એન.આઈ.ડી.

ઉમેદવારને ફેશન / ટેક્ષટાઈલ્સ / કોમ્યુનીકેશન ડીઝાઈનનો સંલગ્ન ઔદ્યોગિક અનુભવ હોય તો તેને પ્રાધાન્ય આપવામાં આવશે.

* જો કોઈપણ વિદ્યાશાખાની સ્નાતક પદવી ધરાવનાર ઉમેદવાર આ અભ્યાસક્રમ માટે અરજી કરે તો તેણે અભ્યાસક્રમ શરૂ કરતાં પહેલાં ફરજીયાત રીતે બે મહિના (આઠ અઠવાડિયા) ના તાલીમ કાર્યક્રમમાં હાજરી આપીને યોગ્ય લાયકાત મેળવવાની રહેશે.

***અનુસ્નાતક અભ્યાસક્રમ માટે લાયકાત : મેનેજમેન્ટ***
***એમ.એફ.એમ. (માસ્ટર ઓફ ફેશન મેનેજમેન્ટ)***

ત્રણ વર્ષના સ્નાતક અભ્યાસક્રમ અથવા તેના સમકક્ષ એવા ભારતીય યુનિવર્સિટીઓના સંગઠન ધ્વારા માન્ય કરાયેલ કોઈપણ

વિદ્યાશાખાની પદવી અથવા  એકસેસરી / ફેશન ડીઝાઈન / માત્ર નીફટની એફ.આઈ.ટી. ની ડીપ્લોમાં પદવી.

ભારતીય યુનિવર્સિટીઓના સંગઠન ધ્વારા માન્ય કરાયેલ ન હોય તેવી વિદેશી સ્નાતક પદવી માટે સંબંધિત દેશમાં સ્થાપવામાં આવેલ રાષ્ટ્રીય સંસ્થા ધ્વારા આપવામાં આવેલ સમકક્ષ પ્રમાપપત્ર રજૂ કરવાનું રહેશે.

***અનુસ્નાતક અભ્યાસક્રમની લાયકાત : ટેકનોલોજી :***
***એમ.એફ ટેક. (માસ્ટર ઓફ ફેશન ટેકનોલોજી )***

બી.ઈ. / બી. ટેક. (ટેક્ષટાઈલ્સ / એપેરલ / મીકેનીકલ / ઈન્ડસ્ટ્રીયલ / પ્રોડકશન / ઈલેકટ્રોનીકસ / કોમ્પ્યુટર / ઈન્ફરમેશન ટેકનોલોજી)

૧૯. નીફટ પ્રવેશ પરિક્ષા માટે શું કોઈ લઘુત્તમ ટકાવારી જરૂરી છે ?

ના, માત્ર પાસ હોવું જરૂરી છે.

***બ. નોકરી મેળવવા સંબંધિત માહિતી : (પ્લેસમેન્ટ) :***

૧. કયા પ્રકારની કંપનીઓ પ્લેસમેન્ટ માટે નીફટ કેમ્પસની નિયમીત રીતે મુલાકાત લે છે ?

જુદા જુદા અભ્યાસક્રમ દીઠ નોકરી દાતાઓની (ઉદાહરણ દીઠ) વિગતો નીચે મુજબ છે. :–

- ***<u>માસ્ટર ઓફ ફેશન મેનેજમેન્ટ :</u>***

અભિષેક ઈન્ડસ્ટ્રીઝ, અડીદાસ, આદિત્ય બિરલા ગૃપ, અમેરિકન પેસીફીક, આર્થર અંડરસન, અરવિંદ મિલ્સ, આસીમા, બેનટોન, બ્લેકબેરીઝ, બોડી શોપ, બુસાના એપેરેલ ગૃપ, કાલ્વીન કલેઈન, કેનેરી બ્લુ, કેરીફોર, કલર પ્લસ, ક્રીએટીવ ગૃપ, ક્રીએટનટ,

દેબનહામસ, ઈસ્ટ વેસ્ટ, એસપ્રીટ, ફેબઈન્ડિયા, એફકયુક, ફેડરેટેડ ગૃપ, ફ્રાન્સીસ વેકઝીરાગ, ફયુચર ગૃપ, ગેપ ઈન્ડિયા, જીવો, ઈન્ડિયન ટેરેન, ઈન્ફોસીસ, આઈ.ટી.સી. વીલ્સ, લાઈફસ્ટાઈલ, જેડબ્લયુટી, કુટોન્સ, લેકોસ્ટ, લેન્ડમાર્ક, લીવ્સ, લી એન્ડ ફંગ, માર્કસ એન્ડ સ્પેન્સર, માસ્ટ લંકા, એમકેન ઈરીક્રોન, માઈકીન્સે વિગેરે.

- ***<u>માસ્ટર ઓફ ફેશન ટેકોલોજી :</u>***

અંબાતુર કલોથીગ કંપની, અરવિંદ મિલ્સ, બુસાના એપેરેલ ગૃપ, એપિક ડીઝાઈન, ગોકલદાસ ઈમેજીસ, ઈમ્પલ્સ, એચ. એન્ડ એમ., આઈટીસી એલઆરબીડી, કેએસએ ટેકનોપાર્ક, મદુરા ગારમેન્ટસ, પેન્ટાલુન એક્ષપોર્ટ ગારમેન્ટસ, ટ્રાયબર્ગ, ટેક્ષપોર્ટ ગારમેન્ટસ, નેટવર્ક કલોથીગ લી., ઈન્ટીમેટ એપેરેલ્સ, પેટેક્ષ ઈન્ડિયા, અલોક ઈન્ડસ્ટ્રીઝ, નાઈક, અડીદાસ, લી એન્ડ ફંગ, ઓરીન્ટ ક્રાફટ, શાહી એક્ષપોર્ટ હાઉસ, રીચા ગૃપ, એલએનજે ભીલવારા ગૃપ, રેમન્ડસ, બ્લેક બેરીસ, ક્રીએટનેટ, કુટોન્સ, લેન્ડમાર્ક, એએમસી, ઓજીટીસી ગૃપ, વિગેરે.

- ***<u>બેચલર ઓફ ડીઝાઈન (ફેશન ડીઝાઈન) :</u>***

અરવિંદ ગારમેન્ટસ, બેનાટોન, ફ્રીલોક, ઈન્ડુસ લગેજ કલોથીગ, આઈટીસી લી. લીવ્સ, લાઈફસ્ટાઈલ, મુદરા ગારમેન્ટસ, મોડેલમ એક્ષપોર્ટ, ઓમેગા ડીઝાઈન્સ, ઓરીઅન્ટ ક્રાફટ, પેન્ટાલુન, પ્રોલાઈન, શાહી એક્ષપોર્ટ, સ્પાન ઈન્ડિયા, સ્પેકર, સ્વારવોસ્કી ઈન્ડિયા, યુનિ સ્ટાઈલ ઈન્ડિયા, ડીઝાઈન્ર્સ લાઈક રોહિત બલ, ગૌરવ ગુપ્તા, વિગેરે.

- ***<u>બેચલર ઓફ ડીઝાઈન (એસેસરી ડીઝાઈન) :</u>***

ગોદરેજ, માટી ડીઝાઈન, યુનાઈટેડ કલર ઓફ બેનાટોન, પેન્ટાલુન, વેસ્ટસાઈડ, અડીદાસ, ઈપીસોડા રીલાયન્સ રીઈટેલ, ચારબોન, સ્વારોવસ્કી, ટીફેની, માઈકલ આર્મ, લી એન્ડ ફંગ, ડી'દમાસ, લીબર્ટી શુઝ લી., ગીતાંજલી જવેલરી પ્રા. લી., વીઆઈપી લગેજીજ, તનિષ્ક, ટાઈટન, આઈટીસી વીલ્સ, લાઈફસ્ટાઈલ, રવિશાંત, વિગેરે.

...૧૨

- ***<u>બેચલર ઓફ ડીઝાઈન (લેધર ડીઝાઈન) :</u>***

  એબીસી લેર્ધસ લી., અલ્પાઈન ઈન્ટરનેશનલ, એપોલો ઈન્ટરનેશનલ, બીસીસી, ભારતીય ઈન્ટરનેશનલ, સેન્ચુરી ઓવરસીઝ, ક્રુવ બોસ, ઈમ્પલ્સ, કબીર લેર્ધસ, લીબર્ટી, લાઈફસ્ટાઈલ, રબિયા લેર્ધસ, સુપરહાઉસ લેર્ધસ લી., ટ્રીબર્ગ, વિવાલડી લેર્ધસ, ડીઝાઈનર્સ લાઈક જેજે વાલીયા, વરૂણ બહલ, માનવ ગંગવાની, વિગેરે.

- ***<u>બેચલર ઓફ ડીઝાઈન (ટેક્ષટાઈલ ડીઝાઈન) :</u>***

  અરવિંદ મિલ્સ, ઈન્ડિયન ટેરીન, ગ્રાસીમ ઈન્ડસ્ટ્રીઝ, મદુરા બ્રાન્ડસ, મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ લી., નહાર ઈન્ડસ્ટ્રીઝ, શીગોરા ઈન્ટરનેશનલ, અંબાડી એન્ટરપ્રાઈઝીસ, ક્રુ બોસ, હિંમતશિંગકા સઈડ, અભિષેક ઈન્ડસ્ટ્રીઝ, વેલસ્પૂન ઈન્ડિયા, સેડસ ઓફ ઈન્ડિયા, લાઈનસ્કેપ (ઈન્ડિયા) લી., ટેક્ષટ્રેડ ઈન્ટરનેશન પ્રા.લી., મુરા ફેબ્રીકસ, પોર્ટીકો, ક્રીએટીવ મોબ્સ ફેબ્રીકસ, રેટ્રીયા એક્ષપોર્ટસ, મહાજન ઓવરસીઝ, ટ્રીબ્યુર્ગ, ભારત સિલ્કસ, થર્ડ વર્લ્ડ એક્ષપોર્ટસ, ધ શોપ, વિગેરે.

- ***<u>બેચલર ઓફ ડીઝાઈન (નીટવેર ડીઝાઈન) :</u>***

  મદુરા ગારમેન્ટસ, આટીસી એલઆરબીડી, ગેપ, ટ્રીબ્યુર્ગ, રેમન્ડ, ગુપ્તા એકઝીમ, કેશકેડ એન્ટરપ્રાઈઝીસ, પ્રતિભા સીન્ટેક્ષ, નહાર ગૃપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ, એસપીએલ ઈન્ડસ્ટ્રીઝ, રાજ હોઝીયરી, ઓસ્વાલ વુલન મિલ્સ, યુનિ સ્ટાઈલ ઈમેજીસ, ઈન્ડિયન ટ્રેરીયન, ઈમ્પલ્સ, અરવિંદ બ્રાન્ડસ, ઓરીઅન્ટ ક્રાફટ, લાકરા બ્રર્ધસ, મેટ્રીકસ, આરએમએસ જોસ, વિગેરે.

- ***<u>બેચલર ઓફ ડીઝાઈન (ફેશન કોમ્યુનીકેશન) :</u>***

  પેન્ટાલુન, સોપર્સ સ્ટોપ, માર્કસ એન્ડ સ્પેનર્સ, ક્રિસ્ટેઈન ડાયર, લાઈફસ્ટાઈલ, બેનેટોન, લીબર્ટી, ફ્રી લૂક, લોપેઝ ડીઝાઈન્સ, મેરી કલેરી, ઈમેજીસ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, અસીયન એજ, કોસ્ચર એશિયા, ફેમીના, એફડીસીઆઈ, એમટીવી, એનડીટીવી, ટાઈમ્સ નાઉ, હેડલાઈન્સ ટુડે, પરફેકટ રીલેશન્સ, વિઝક્રાફટ, ઓઝીલ્વ એન્ડ

મેઘર, લીનટેસ, મદુરા ગારમેન્ટસ, એનકંપાસ ઈવેન્ટસ, વોગ, ક્રીએટીવ ક્રેસ્ટ, જેડબલ્યુટી, આઈસી, તનિસ્ક, વિગેરે.

- ***બેચલર ઓફ ફેશન ટેકનોલોજી (એપરલ પ્રોડકશન) :***

  પોકરના ગૃપ, ગીની એન્ડ જોની, ઈન્ટેગ્રા એપરલ્સ, થર્ડ આઈસાઈટ, ટેફલ્સ, લગુના કલોથીગ, એવાયએન એસેસરીઝ (હોંગકોંગ), પેન્ટાલુન, આઈટીસી એલઆરબીડી, કલર પ્લસ, સેલીબ્રીટી ફેશન્સ, અંબાતુર કલોથીગ કંપની, એલટી કાર્લે, આરએમએસ જોશ, ટેક્ષપોર્ટ સિન્ડીકેટ, ગોકળદાસ એક્ષપોર્ટસ, વિગેરે.

૨. શું પ્લેસમેન્ટ નીફટ સેન્ટર દીઠ થાય છે કે તમામ સેન્ટર માટે એક સાથે થાય છે ?

નીફટમાં પ્લેસમેન્ટ પ્રક્રિયા તમામ કેન્દ્રો અને શાખાઓ માટે કેન્દ્રીયકૃત રીતે થાય છે.

૩. શું કોઈ વિદ્યાર્થી દેશમાં કે વિદેશના કોઈપણ કેન્દ્રમાં ઈર્ન્ટનશીપ કરી શકે છે ?

હા, વિદ્યાર્થી સંબંધિત ડીપાર્ટમેન્ટની મંજુરીથી કોઈપણ જગ્યાએ ઈર્ન્ટનશીપ કરી શકે છે.

***ક. મહેકમ સંબંધિત માહિતી :***

૧. સંસ્થા કઈ રીતે કામ કરે છે ?

સંસ્થાના વડા ડાયરેકટર જનરલ છે તેઓ નવી દિલ્હી ખાતેના નીફટની વડી કચેરીમાં બેસે છે. દરેક કેન્દ્રના વડા ડાયરેકટર છે. એકડેમીક ડીપાર્ટમેન્ટના વડા તરીકે ચેરપરસન ની નિમણુંક થયેલ છે. દરેક કેન્દ્રના ડીપાર્ટમેન્ટના વડા તરીકે સેન્ટર કો–ઓડીનેટર કામ કરે

છે. સંપૂર્ણ માહિતી એસ્ટાબ્લીસમેન્ટ મેન્યુઅલમાં આપવામાં આવેલ છે અને તે વેબસાઈટના પાના નં. ૧૩ મુકવામાં આવી છે.

૨. કેન્દ્ર કક્ષાએ મહત્વની વ્યકિતઓ કોણ છે ?

કેન્દ્ર કક્ષાએ મહત્વની વ્યકિતઓ નીચે મુજબ છે. :

– ડાયરેકટર

– રજીસ્ટ્રાર

– સેન્ટર કો–ઓર્ડીનેટર

– રીજીયોનલ ઈન્ડ. કો–ઓર્ડીનેટર

– કલસ્ટર ઈનીસીએટીવ કો–ઓર્ડીનેટર

ઉપરોકત વિગતો અને તેના સંપર્કો ની વિગતો માટે.. **http://www.nift.ac.in** ની મુલાકાત લેવા વિનંતી છે.

૩. મહિલાઓ ફરીયાદ નિવારણ સમિતિ માટે કોઈ માર્ગદર્શિકા અથવા ધોરણો કાર્યરત છે ?

હા, મહિલાઓની ફરીયાદ નિવારણ સેલ માટે ધોરણો નકકી કરવામાં આવેલા છે. આ અંગેની વિગતો એસ્ટાબ્લીસમેન્ટ મેન્યુઅલના પાના નં. ૮૩, ૮૪, ૮૫ ઉપર આપવામાં આવેલ છે અને તે અંગેની **http://www.nift.ac.in** મુલાકાત લેવા વિનંતી છે.

૪. સ્ટેન્ડીગ ઈન્ટર્નલ એડવાઈઝરી કમિટિ શું છે અને તે કેવી રીતે કામ કરે છે ?

ડીજી–નીફટ ધ્વારા સ્ટેન્ડીગ ઈન્ટર્નલ એડવાઈઝરી કમિટિની રચના પારદર્શક, હકારાત્મક અને પરામર્શથી નિર્ણય લેવાની પ્રક્રિયા માટે કરવામાં આવી છે. જુદા જુદા યુનિટની સ્પષ્ટ વિગતો એસ્ટાબ્લીસમેન્ટ મેન્યુઅલના પાના નં. ૭૫ થી ૮૨ માં આપવામાં આવેલ છે.

૫. શિક્ષકોની નિમણુંક માટેના નિયમો ઘડવામાં આવ્યા છે ?

હા, એસ્ટાબ્લીસમેન્ટ મેન્યુઅલમાં નિમણુંક ના નિયમો સ્પષ્ટ કરવામાં આવ્યા છે. તે અંગેની સંપૂર્ણ વિગતો (કોમ્પીટન્સી કોડ અને લાયકાતના ધોરણો સહીત) એસ્ટાબ્લીસમેન્ટ મેન્યુઅલના પાના નં. ૯૫ થી ૧૩૩ ઉપર આપવામાં આવેલ છે.

૬. નીફ્ટની જુદી જુદી વહીવટીય અને શૈક્ષણિક જગ્યાઓ માટે પસંદગીની પ્રક્રિયા શું છે ?

જુદા જુદા ગૃપના વહીવટીય, ટેકનીકલ તથા એકેડેમીક પોસ્ટ માટેની પસંદગીની પ્રક્રિયા એસ્ટાબ્લીસમેન્ટના મેન્યુઅલના પાના નં. ૧૩૪ થી ૧૪૨ તથા નીફ્ટ વેબ સાઈટ ઉપર મુકવામાં આવેલ છે.

૭. કેન્દ્રો ખાતે એન્ટીરેગીંગ સમિતિની રચના કરવામાં આવી છે ?

હા, દરેક કેન્દ્ર ખાતે આ બાબતનું ધ્યાન રાખવા વહીવટીય અને ફેકલ્ટી સભ્યો ને આવરી લેતી સમિતિની રચના કરવામાં આવી છે.

૮. નીફ્ટમાં શિસ્તના કયા નિયમોનું પાલન કરવામાં આવે છે ?

નીફ્ટ ધ્વારા ભારત સરકારના સેન્ટ્રલ સિવિલ સર્વીસીસ (કન્ડકટ) રૂલ્સ ૧૯૬૪ અને ત્યારબાદ વખતોવખત કરવામાં આવેલ ફેરફાર મુજબના નિયમોનું પાલન કરવામાં આવે છે. વધૂ વિગતો માટે... **www. persmin.nic.in** ની મુલાકાત લેવા વિનંતી છે.

૯. નીફ્ટમાં ખાતાના વડાઓ કેટલા છે ?

ખાતાના વડાઓ બે છે (૧) ડીન (એ) (૨) હેડ (એએ).

૧૦. એકેડેમીક મેન્યુઅલમાં આપવામાં આવેલ વિગતોમાં નીફ્ટના બોર્ડ ઓફ ગર્વનર્સને યોગ્ય લાગે તે રીતે સમયો–સમય જરૂરીયાત મુજબ ફેરફાર / સુધારા વધારા કરી શકાય તેમ છે. વધૂ કોઈપણ વિગતો માટે.. **www.nift.ac.in** અથવા નજીકના નીફ્ટ કેન્દ્રની મુલાકાત લેવા વિનંતી છે.